# UAE ના રાષ્ટ્રપતિ સાથે પ્રધાનમંત્રીની મુલાકાત

જુલાઈ 15, 2023

પ્રધાનમંત્રીએ 15 જુલાઈ 2023ના રોજ અબુ ધાબીમાં પ્રતિનિધિમંડળ સ્તર પર યુએઈના પ્રમુખ અને અબુ ધાબીના શાસક એચએચ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનને મળ્યા હતા. 2. બંને નેતાઓએ વિવિધ વિષયોને આવરી લેતા વ્યાપક ચર્ચાઓ કરી હતી દ્વિપક્ષીય ભાગીદારીના પરિમાણો, જેમાં વેપાર અને રોકાણ, ફિનટેક, ઉર્જા, રિન્યુએબલ, ક્લાઈમેટ એક્શન, ઉચ્ચ શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધોનો સમાવેશ થાય છે. ચર્ચામાં પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા હતા.

3. બંને નેતાઓએ ત્રણ મહત્વપૂર્ણ દસ્તાવેજોની આપ-લે જોઈ હતી:

ક્રોસ બોર્ડર વ્યવહારો માટે સ્થાનિક કરન્સી (INR - AED) ના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ફ્રેમવર્કની સ્થાપના માટે RBI અને UAE સેન્ટ્રલ બેંક વચ્ચે એમઓયુ

આરબીઆઇ અને યુએઇ સેન્ટ્રલ બેંક વચ્ચે તેમની ચુકવણી અને મેસેજિંગ સિસ્ટમને એકબીજા સાથે જોડવા પર દ્વિપક્ષીય સહયોગ માટે એમઓયુ

ભારતના શિક્ષણ મંત્રાલય, શિક્ષણ અને જ્ઞાન વિભાગ, અબુ ધાબી અને આઈઆઈટી દિલ્હી વચ્ચે આઈઆઈટી દિલ્હી - અબુ ધાબી, યુએઇની સ્થાપનાના આયોજન માટે એમઓયુ

4. બેઠક બાદ સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું. ક્લાઈમેટ ચેન્જ પર એક અલગ સંયુક્ત નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું હતું.

**અબુ ધાબી**
**જુલાઈ 15, 2023**